**મે.બીજા એડી. ચીફ જ્યુડી.મેજી. સાહેબશ્રીની કોર્ટમાં,મું.મોરબી.**

**ફોજદારી કેસ નંબર : 1803-26**

<u>**ફરીયાદી**</u> **:** સરકારશ્રી આંક–

**વિરૂધ્ધ:–**

<u>**આરોપી**</u>**:** **સુનીલભાઈ વજુભાઈ પરમાર,**
**રહે.લગધીરપુર રોડ, ખોડીયારપરા તા.જી.મોરબી.**
**મુળ રહે.સરા, દેવીપુજક શેરી, તા.મુળી, જી.સુરેન્દ્દનગર.**

**<u>ગુન્હો</u> :– ગુજરાત પ્રોહીબીશન એકટ ની કલમ–65AA**

**–: <u>ચુકાદો</u> :–**

(૧) આ કામના આરોપી વગર પાસ પરમીટના દારૂ સાથે પકડાયેલ છે અને તેમના કબજામાંથી મળી આવેલ વગર પાસ પરમીટનો દારૂ પંચનામાની રૂએ કબજે કરી આરોપી ઉપર ગુજરાત પ્રોહીબીશન એકટ ની કલમ–**65AA** મુજબનો ગુનો દાખલ કરી આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોય, ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરવામાં આવેલ છે.

(૨) ચાર્જશીટ રજુ થતા, આરોપીને સમન્સ કરતા, તેઓ અદાલતમાં હાજર થયેલ છે. આરોપી ને ફોજદારી કાર્યરીતી સંહિતા કલમ:૨૦૭ અન્વયે પોલીસ કાગળોની નકલો મળી ગયા અંગેની ખાત્રી કર્યા બાદ, આરોપી તરફે ગુન્હો કબુલ કરવા માંગે છે કે કેમ? આ અંગે પુછતા સ્વેચ્છાપુર્વક ગુન્હો કબુલ કરવા માંગતા હોવાનું જણાવેલ છે. જે મતલબની પુરસીસ રજુ કરી, ગુન્હાઓ ની સ્વેચ્છાપુર્વક કબુલાત કરેલ હોય તે મતલબે આરોપીનું નીવેદન રેકર્ડ કરતા સ્વેચ્છાપુર્વક ગુન્હો કબુલ કરેલ છે.

(૩) વર્તમાન આરોપી સ્વેચ્છાપુર્વક ગુન્હાની કબુલાત કરતા હોય, કાયદા મુજબ સજા અંગે સાંભળવામાં આવેલ છે. મૌખિક રીતે અદાલત સમક્ષ જણાવેલ છે કે, ગરીબ વર્ગનો છુ, મજુરી કામ કરી ખુદનું તેમજ પરીવારનું ગુજરાન ચલાવું છું. વધુમાં જણાવેલ છે કે પરીવારની જવાબદારી મારા શીરે છે. વિશેષ માં એવુ પણ જણાવેલ છે કે પ્રથમવાર નો ગુન્હો છે અને જણાવેલ છે કે ભવિષ્યમાં ફરી આવો ગુન્હો કરીશુ નહી. પ્રથમવારનો ગુન્હો હોવાનું અને ફરી ભવિષ્યમાં આવો ગુન્હો ન કરવાની ખાત્રી આપતા હોય ત્યારે **નામદાર ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ વિ.નટવર હરચંદ ઠાકોર, ૨૦૦૫, જી.એલ.આર.પેઈજ નં.૭૦૯ ના કેસમાં પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંતને ફરી દોહરાવીને તાજેતરમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે રમેશચંદ્ર ભીખાલાલ સોની વિ.સ્ટેટ ઓફ ગુજરાત, જી.એલ.એચ. ૨૦૧૩(૨), ૯૭૪, પારા ૪ માં એવુ ઠરાવેલ છે કે**

' Learned A.P.P., however, objected to any reduction of sentence on the basis that it may become a precedent in other cases where the accused persons may have been similarly sentenced and those cases may still be pending. It, however, could not be contended that the extenuating circumstances relied upon by the applicant were not true or relevant. It also could not be disputed that learned Additional Sessions Judge has not considered in the impugned judgment any of the extenuating circumstances now canvassed before this Court. "In view of the latter Division Bench Judgment of this Court in *State of Gujarat V.Natwar Harchandji Thakor, 2005(1)GLR 709* and the subsequent amendment dispensing with the requirement of recording <u>special</u> and <u>adequate reasons</u> for not imposing sentence

of minimum imprisonment of three months, the order of sentence is required to be modified in the interest of justice."

આમ, નામદાર ગુજરાત હાઈકોર્ટે એવું ઠરાવેલ છે કે અદાલત ખાસ અને પુરતા કારણો ધ્યાને લઈ ઓછી સજા કરી શકે છે. આ કામે આરોપીએ જે કારણો જણાવેલ છે તે આ અદાલતના નમ્રપણે માનવા મુજબ સજા ઓછી કરવા માટે પુરતા છે. આથી, ન્યાયના હીતમાં, આરોપીએ સ્વેચ્છપુર્વક કરેલ ગુન્હાની કબુલાત અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: આખરી હુકમ :–**

(૧) બી.એન.એસ.એસ.ની કલમ–૨૬૪ મુજબ આ કામના **આરોપી: સુનીલભાઈ વજુભાઈ પરમાર, રહે.લગધીરપુર રોડ, ખોડીયારપરા તા.જી.મોરબી. મુળ રહે.સરા, દેવીપુજક શેરી, તા.મુળી, જી.સુરેન્દનગર** નાઓને તેઓની વિરૂધ્ધના ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–**65AA** મુજબના શિક્ષાપાત્ર ગુન્હા માટે તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા દરેક આરોપીને રૂા.૨૦૦ (અંકે રૂા. બસો પુરા) લેખેનો દંડ કરવામાં આવે છે. દંડની રકમ જમા કરાવવામાં કસુર કર્યેથી દીન–૩ ની સાદી કેદની સજા ભોગવવી.

(૨)મુદામાલ દારુનો અપીલ સમય બાદ નાશ કરવાનો તથા મુદામાલ વાહન જો કોઈ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે અન્યથા અપીલ સમય બાદ મુદામાલ વાહનની માલીકીની ખરાઈ કરીને પરત સોપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) હુકમની એક નકલ આરોપીને વિના મુલ્યે પુરી પાડવી.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.:–૧૪/૦૩/૨૦૨૬ (**જે.જે.જોષી**)

સ્થળ:–મોરબી બીજા એડી. ચીફ જયુડી.મેજી.મોરબી.

//MRM// **CODE NO.**-GJ01271

ફોજદારી દંડ પહોંચ નં.................
તા.૧૪/૦૩/૨૦૨૬ થી રુા.**૨૦૦/–**
અંકે રુપીયા **બસ્સો પુરા** વસુલ લીધા.

નાઝીર/આસીસ્ટન્ટ